# ચોથા વર્ગના કર્મચારીઓ માટે બોનસની જાહેરાત

**રાજ્ય સરકારના કર્મચારી ઉપરાંત પંચાયતના અને અનુદાન મેળવતી સંસ્થાઓના વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળીના તહેવારોમાં રૂા. ૩૫૦૦/-નું બોનસ મળશે**

ગાંધીનગર, તા. ૨

રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રાજયના વર્ગ-૪ના કર્મચારીઓને રૂા. ૩૫૦૦નું દિવાળી બોનસ જાહેર કરતાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની રાજય સરકારે દિવાળીના તહેવારો સમયે વર્ગ-૪ના કર્મચારીઓને બોનસ આપવાની પરંપરાને જાળવી છે. જેના કારણે વર્ગ-૪ના ૩૫,૮૦૨ કર્મચારીઓ દિવાળીના તહેવારો વધુ આનંદ ખુશીથી મનાવી શકશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકારના વર્ગ-૪ના કર્મચારીઓ ઉપરાંત પંચાયતના વર્ગ-૪ના કર્મચારીઓ, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, બિન સરકારી શાળાઓ અને કોલેજના વર્ગ-૪ના કર્મચારીઓ ઉપરાંત ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના વર્ગ-૪ના કર્મચારીઓને આ બોનસનો લાભ મળશે. રાજય સરકારના આ નિર્ણયથી રાજયની તિજોરી ઉપર અંદાજે રૂા. ૧૪ થી ૧૫ કરોડનો બોજો પડશે તેમ પણ શ્રી પટેલે અંતમાં જણાવ્યું હતું.


ચોથી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. બાબુભાઈ મંગળભાઈ પરમાર
સ્વ. તા. ૩/૧૧/૨૦૧૪ (બોરીજ)

પ્રેમથી હાથ ફેરવી બેટા કહેનાર હવે મળશે નહી.
દુ:ખમાં વડલા સમી છાયા આપનાર હવે મળશે નહીં.
કોને કહીએ અંતરની વાત સાંભળનાર હવે મળશે નહીં.
છાના ખૂણે રડી લઈશું પપ્પા, આંસુ લુછનાર હવે મળશે નહીં.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

શોકાતુર
પુષ્પાબેન બાબુભાઈ પરમાર (પત્ની)
ચેતના (પુત્રી) ટ્વિન્કલ (પુત્રી)
સમીરકુમાર (જમાઈ) નિરવ (પુત્ર)


# માર્કેટયાર્ડની ચૂંટણીમાં સત્તાધારી પેનલનો સફાયો

**ગાંધીનગર માર્કેટ યાર્ડના ચૂંટણી જંગમાં : સહકારી ક્ષેત્રના મોભીઓ અને મંધાતાઓને જાકારો ખેડૂત વર્ગમાં મળ્યો : સદ્ભાવના પેનલે બાજી મારી સત્તા પલ્ટા સાથે સહકારી જગતમાં નવા સમીકરણોનો શંખનાદ પરિણામોમાં ફૂકાયો**





ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર માર્કેટયાર્ડની ચૂંટણીમાં જિલ્લાના સહકારી ક્ષેત્રના આગેવાનોને ખેડૂત વર્ગ પેનલમાં સપ્ન જાકારો આપતાં જિલ્લામાં નવા સહકારી સમીકરણોના સંકેતો પરિણામોમાં મળ્યા છે.

આજે સવારે નવ વાગે ગઈકાલે યોજાયેલી ચૂટંણીની મતગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવ્યુ હતુ. પ્રથમ વેપારી વર્ગની ૪ બેઠકો માટેની મતગણતરી હાથ ધરાઈ હતી જેમાં પ્રગતિ પેનલના ચારેય ઉમેદવારોએ વિજય પ્રાત કરતાં સત્તાધારી જૂથમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

આ પછી ખેડૂતવર્ગની ૮ બેઠક માટેની મતગણતરી હાથ ધરવામાં આવી હતી. ૨૫-૨૫ મતોની ગણતરી હાથ ધરવામાં આવી હતી. પ્રથમ રાઉન્ડથી જ સદ્ભાવના પેનલ આગળ રહી હતી. જો કે વચ્ચે એક તબક્કે પ્રગતિ

● અનુસંધાન પાન-૭ પર

## કોને-કેટલા મત

| | |
|---|---|
| અશોકભાઈ પટેલ | -૩૦૦ |
| અતુલભાઈ પટેલ | -૨૭૬ |
| રામચંદ્રભાઈ પટેલ | -૨૬૩ |
| ઈન્દ્રવદન પટેલ | -૨૩૯ |
| અનિલસિંહ વાઘેલા | -૨૩૩ |
| બળદેવજી ઠાકોર | -૨૩૨ |
| કનુભાઈ પટેલ | -૨૨૬ |
| હસમુખબાઈ પટેલ | -૨૨૩ |
| સુરેશભાઈ પટેલ | -૨૦૭ |
| લાલસિંહ ઠાકોર | -૧૭૫ |
| કિશોરભાઈ પટેલ | -૧૬૩ |
| જયમીનકુમાર પટેલ | -૧૬૩ |
| રસિકભાઈ પટેલ | -૧૫૮ |
| રમણભાઈ પટેલ | -૧૫૪ |
| યુવરાજસિંહ રાણા | -૧૫૩ |
| નિતીનભાઈ પટેલ | -૧૪૬ |

જ્યારે વેપારી વિભાગમાં પ્રગતિ પેનલના ઈશ્વરભાઈ પટેલ, મનુભાઈ પટેલ, વિનોદ પટેલ અને સુરેશ પટેલ વિજય થયા છે.

# કોબા-અડાલજ માર્ગને ફોરલેન બનાવવા કામ શરૂ : ૧૦.૭૦ કરોડનો ખર્ચ થશે

**૬ કી મી ના આ માર્ગને ટ્રાફિકની સરળતા માટે અપગ્રેડ કરાશે : વનતંત્રને પણ ૩.૮૨ લાખનુ વળતર ચુકવાયુ**

ગાંધીનગર તા ૨

કોબા અડાલજ માર્ગને ફોરલેન કરવાનુ કામ હાથ ધરાયુ છે.જેમાં ૬ કી મી ના આ માર્ગને ફોરલેન કરવાનુ આયોજન કરાયુ છે. આ પ્રોજેકટ અન્વયે રૂ ૧૦.૭૦ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ કામગીરીને અનુલક્ષી રૂટમાં આવતા વૃક્ષોની કટોતીને અનુલક્ષી વનતંત્રને ૩.૮૨ લાખ જેટલુ વળતર પણ ચુકવી દેવાયુ છે.

કોબા અડાલજ માર્ગ આડા દિવસોમાં પણ ટ્રાફિકથી ધમધમતો જોવા મળે છે. જયારે ૭ મીટર પહોળા આ માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ પણ જોવા મળી રહ્યો છે. માર્ગ પર ટ્રાફિકની અવરજવર વધુ રહેતી હોવાથી ટ્રાફિકની દ્રષ્ટીએ આ માર્ગ સાંકડો હોવાથી માર્ગ સલાતમી પણ જોખમાય છે. જયારે માર્ગ વાઈડનીંગની દ્રષ્ટીએ કેટલાક ભાગમાં સાત મીટર જયારે અમુક પટ્ટામાં આ માર્ગ ૧૦ મીટરનો છે.જયારે આ સ્થિતિને ધ્યાને લઈ રોડનેટવર્કને વિસ્તારવા માટે માર્ગને ફોરલેન કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. હાલ આ પ્રોજેકટને અનુલક્ષી કામગીરી ચાલી રહી છે. જયારે આ રૂટમાં વૃક્ષો પણ છે. જો કે આ વૃક્ષોની કટોતી મામલે પણ વનતંત્ર કક્ષાએથી મંજુરી મેળવી લેવામાં આવી છે. જેમાં ગાંડા બાવળના વૃક્ષોનો પણ સમાવેશ થાય છે. જો કે રૂટમાં મોટા વૃક્ષો ન હોવાથી

● અનુસંધાન પાન-૭ પર

# સ્થાયી સમિતિ સમક્ષ સમયસર દરખાસ્ત રજુ નહિ કરવા કમિશ્નર સામે કાર્યવાહી કરવા ભલામણ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકામાં સ્થાયી સમિતિ સમક્ષ સમયસર દરખાસ્તો જુદા જુદા કામોની રજુ નહિ કરવા માટે મ્યુનિ. કમિશ્નરશ્રી સામે પગલાં લેવા શહેરી વિકાસ વિભાગને જણાવવાનો નિર્ણય આજે સ્થાયી સમિતિની બેઠકમાં લેવાયો હતો.

આજે મનપા સ્થાયી સમિતિની બેઠકમાં સાઈન બોર્ડ મુકવા, સેકટરોના આંતરિક રસ્તાઓની દુરસ્તીને લઈ તેમજ ફિઝીયોથેરોપી સેન્ટર બનાવવા સહિતની સંખ્યાબંધ દરખાસ્તો સ્થાયી સમિતિ સમક્ષ સમયસર રજુ નહિ કરવા અંગે નારાજગી વ્યક્ત કરી અને શહેરી વિકાસ વિભાગને લેખિતમાં તે બાબતે જાણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં નગરસેવકો માટે બોલેરો જીપની ખરીદી કરી અને સેક્રેટરીને હવાલે મુકવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સિક્યોરીટી ગાર્ડ અંગેના ટેન્ડર બાબતે પણ એજન્સી નિયત કરવા સહિત ગાંધીનગર શહેરને "૨ સ્ટાર રેટીંગ અને ઓ.ડી.એફ.+ સર્ટિફિકેટ" મેળવવા માટે શહેરી વિકાસ વિભાગને દરખાસ્ત મોકલવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો. આજની બેઠકમાં એપ્રિલ-૧૮થી સપ્ટેમ્બર-૧૮ દરમ્યાનના ઉપજ અને ખર્ચના હિસાબો પણ સમિતિએ જાણમાં લીધા હતા. આ બેઠકમાં શહેરના રખડતા કૂતરાઓના ખસીકરણ અંગેના આવેલા ટેન્ડરને પણ બહાલી આપવામાં આવી હતી.

નવી સ્થાયી સમિતિની રચનાને આડે હવે બે દિવસ બાકી છે ત્યારે આજે મળેલી સમિતિની બેઠકે રાજકીય ઉત્તેજનાઓ જગાવી હતી અને શહેરભરમાં તે અંગે ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી.


Education For Freedom
SINCE 2007

SAHJANAND SCHOOL OF ACHIEVER
K.G. TO STD 12 GUJARATI & ENGLISH MEDIUM
SARGASAN-CHILODA (GANDHINAGAR)

NEET-2018 (MBBS)





52
+ 15 (MQ)
= 67 Stu. in MBBS

શા માટે અમે JEE/NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પરિણામ આપી શક્યા છીએ?

ફુલ ૨૦૦ થી વધુ પેમ્ફલેટ | ફુલ ૪૨૦૦ કલાક નું કાર્ય | ફુલ ૭૫૦ થી વધુ ટેસ્ટ (Weekly/Unit/Mega etc tests)
ફુલ 336 થી વધુ પ્રેક્ટિસ પેપર | ફુલ ૬૦૦૦ પેજીસનું સાહિત્ય | ફુલ ૪૦ નિષ્ણાત શિક્ષકો (૨૫ અનુભવી શિક્ષકો+૧૫ મદદનીશ શિક્ષકો)

- આ પરિણામ માત્ર-2018 માં જ MBBSમાં NEET દ્વારા પ્રવેશ પ્રાપ્ત કરેલ અને એન્જિનીયરીંગમાં JEE દ્વારા ઉચ્ચ કોલેજમાં પ્રવેશ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓનું જ છે
- શાળામાં વિદ્યાર્થીઓને NEET અને JEE જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની ખૂબ જ પ્રેક્ટીસ માટે પૂરતો સમય મળી રહે તે પ્રમાણે આયોજનપૂર્વક સમયસર અભ્યાસક્રમ પૂરો થવો ખૂબ જ જરૂરી છે જેમાં અમારી સંસ્થા દર વર્ષે ખરી ઉતરી છે.
- શાળામાં દરેક વિદ્યાર્થીનું વ્યક્તિગત મૂલ્યાંકન કરવામાં આવે છે.
- NEET અને JEE જેવી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષાની તૈયારી કોઈપણ વિષયમાં એક જ શિક્ષક દ્વારા શક્ય નથી જેની સંસ્થાને જાણ હોવાથી દરેક વિષયમાં વિષયવસ્તુ પ્રમાણે નિષ્ણાંત શિક્ષકોની મોટી ટીમ સંસ્થામાં કાર્યરત છે.
- અહિં વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટેના સૌથી વધુ કલાકો મળે તે પ્રમાણે શાળામાં તાસનું આયોજન થાય છે.
- ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓની અપરિપક્વ ઉંમરમાં તેઓ તેમનું ઉચ્ચ લક્ષ્ય સાધી શકે તે માટે મોબાઈલ, વાહનો વગેરે પર પ્રતિબંધ લાદી તેના અનુસરણ માટે શાળા દ્વારા વિદ્યાર્થીઓની સંપૂર્ણપણે દેખરેખ રાખવામાં આવે છે

JEE-2018 (Engineers)




2018 (A-group) માં શ્રેષ્ઠ કોલેજોમાં પ્રવેશ પ્રાપ્ત કરેલ શાળાનાં કુલ 183 વિદ્યાર્થીઓમાંથી 51 વિદ્યાર્થીઓ

STD 11-12 Science (Gujarati & English Medium): Nr. Kh-0 Circle, Sargasan, Gandhinagar: 84 60 40 88 80, 92 28 00 88 80
K.G. to STD 10 (Gujarati & English Medium): Nr. Essar Petrol Pump, Chiloda-Himmatnagar Highway-Shiholi Moti, Chiloda, Gandhinagar: 70 43 60 60 60


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com